**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૩ ડીગ્રી
લઘુતમ : ૨૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૪ ટકા

## સી.એમ.વિદ્યાલય ખાતે નવરાત્રી પર્વની ઉજવણી



ગાંધીનગર, તા.૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલમાં નવરાત્રી મહોત્સવનું આયોજન શાળાના મેદાનમાં કરવામાં આવ્યું હતું. શાળાના તમામ બાળકો વિવિધ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈને શાળાના મેદાનમાં એકઠા થયાં હતાં. મા અંબાના આરતી ઉતારી નવરાત્રી મહોત્સવની શરૂઆત કરવામાં આવી. શાળાની વિદ્યાર્થિનીઓ, વિદ્યાર્થીઓ, સ્ટાફ તથા સંસ્થાના આચાર્યા ડૉ. ચેતના બુચ દ્વારા માતાજીની આરતી ઉતારવામાં આવી. સંસ્થાના વિવિધ કર્મચારીઓ દ્વારા પ્રસાદનું વિતરણ કરવાંમાં આવ્યું.

સંગીતના તાલે ગરબા રમવાની શરૂઆત ૮.૧૫ વાગે થઈ, તમામ બાળકો દ્વારા બે તાળી, ત્રણ તાળી, હિંચ, હમચી અને જુદા જુદા નૃત્ય પ્રકાર દ્વારા ગરબા રમવામાં આવ્યાં. શાળાના શિક્ષકો બાળકો સાથે ગરબામાં જોડાઈને ઉત્સાહને બમણો કર્યો તો સાથે સાથે આદિવાસી નૃત્યોનું સુંદર પ્રદર્શન પણ કરવામાં આવ્યું. બાળકો દ્વારા ભારતના વિવિધ રાજ્યોના લોકનૃત્યોને પણ તેમની ગરબા સ્ટાઈલમાં સમાવી લઈને વાતાવરણમાં ઉત્સાહ અને ઉમંગ ભરી દીધો. શાળાના આચાર્યા ડૉ. ચેતના બુચે બાળકોમાં નવરાત્રીનું મહાત્મ અને સમાજમાં તહેવારોની ઉજવણીની આવશ્યકતાની સાથે સાથે બાળકોને તહેવારનું મહત્વ સમજાવ્યું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના સૂપરવાઈઝર મહેશભાઈ ખોરસ્મા, મુકેશભાઈ પટેલ તથા સમગ્ર સ્ટાફ પરિવારે ખૂબજ જહેમત ઉઠાવી હતી.



આઠમા નોરતે શ્રીનાથ હોમ્સ ખાતેમાં શબ્દ પ્રતિ સ્વરૂપે દીપમાળાથી માં શબ્દ રચી જગદંબા માટે તેમની ભાવુકતા દર્શાવી હતી.



શ્રીદર્શન ફ્લેટ ચાદલોડિયા ખાતે નાના બાળકો દ્વારા તૈયાર કરાયેલા ગબ્બરની પ્રતિકૃતિ આકર્ષણ જમાવી રહી છે.



પ્રમુખ લોટસમાં માતાજીની આઠમ દિપ પ્રાગટય દ્વારા માતાજીની આરતી કરવામાં આવી અને રહીશો ખૂબ આનંદમાં ગરબા રમ્યા હતા.



સ્વપ્નવીલા -૩ બંગલોઝ, પેથાપુરના રહીશો હરહંમેશની જેમ સોસાયટી શેરી ગરબામાં માને છે અને અનેરા ઉત્સાહથી નવરાત્રીની ઊજવણી કરી રહ્યા છે. પેથાપુરમાં સ્વપ્નવીલા -૩ ના રહીશો ધ્વારા હીન્દુ શાસ્ત્ર પ્રમાણે શસ્ત્ર પુજા કરવામાં આવી હતી. બાળકો પણ ટ્રેડિશનલ પહેરવેશ માં સજ્જ રહ્યા હતા.



કુડાસણ, ગાંધીનગર ખાતે શુકન હાઈટ્સ સોસાયટીના સભ્યો દ્વારા નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી અને ભક્તિભાવ સાથે આરતી કરવામાં આવી હતી.

# દશેરા પર્વમાં સોના ચાંદીની ખરીદી મોંઘી પડશે :ભાવ વધ્યા

## શુકન માટે શહેરીજનો નાની મોટી સોના ચાંદીની ખરીદી કરશેઃ દશેરામાં સારી ઘરાકીનો આશાવાદ



દશેરાના દિવસને સોના-ચાંદીની ખરીદી માટે પવિત્ર ગણવામાં આવે છે આ દિવસે સારી એવી ઘરાકી નીકળવાનો ઝવેરીઓને આશાવાદ છે તે પૂર્વે જ ભાવ સળગ્યા છે. સોનાના ભાવમાં રૂા.૧૦૦૦ તથા ચાંદીમાં રૂા.૪૦૦૦નો વધારો થયો છે.

દશેરાએ સોના-ચાંદીની ખરીદીનું અનેરૂ મહાત્મ્ય હોય છે. શુકન માટે પણ લોકો દ્વારા નાની-મોટી ખરીદીની પરંપરા છે. ઝવેરીઓ પણ આગોતરી તૈયારીને અનુરૂપ લોકોની ખરીદીના ટ્રેન્ડ મુજબના અત્યાધુનિક નવીનતમ ડીઝાઈનના દાગીનાની વિશાળ શ્રેણી બજારમાં મુકતા હોય છે. આ વર્ષે પણ આકર્ષક ડીઝાઈનના દાગીના તૈયાર કરવામાં આવ્યા છે. સોનીઓને દર વર્ષની જેમ આ વખતે પણ દશેરાની ઘરાકી સારી રહેવાનો આશાવાદ છે.

જો કે, કદાચ ગત વર્ષ જેવી ન રહે તો પણ સારી રહી શકે છે. ગત વર્ષે તો લોકોએ આગલા કોરોનાવર્ષનુ સાટુ વાળીને બે વર્ષની ભેગી ખરીદી કરી હતી. ગ્રાહકોને ડીસ્કાઉન્ટ સ્કીમનું પણ આકર્ષણ હોય છે. દર વખતની જેમ આ વખતે પણ મજુરી પર ૧૦ ગ્રામે ૧૨૫૦ના ડીસ્કાઉન્ટની સ્કીમ મુકવામાં આવી જ છે. દશેરાના પવિત્ર દિવસે ડીલીવરી લેવા માટે એડવાન્સ બુકીંગ પણ થયા હતા. બે દિવસથી આ પ્રકારની ઘરાકી માલુમ પડી હતી. તેના આધારે આવતીકાલે પણ ખરીદીનો ઝગમગાટ રહેવાનું માનવામાં આવી રહ્યું છે. સોના-ચાંદીના સિકકા ઉપરાંત હળવા વજનના લાઈટવેઈટ દાગીનાનો ટ્રેન્ડ છે અને તેને અનુરૂપ વિશાળ શ્રેણી વેચાણમાં મુકાઈ છે. એક મોટો વર્ગ ડાયમંડ જવેલરી તરફ પણ વળ્યો છે એટલે ડાયમંડના દાગીનાની પણ સારી ઘરાકી રહી શકે છે. ઝવેરીઓએ એમ કહ્યું કે કોરોનાકાળમાંથી જનજીવન મુક્ત થઈ ગયું છે એટલે આવતીકાલે લોકો મુક્ત રીતે ખરીદી કરવાનો ટ્રેન્ડ રાખે તે સ્પષ્ટ છે. દરમ્યાન દશેરાના પવિત્ર દિવસ પુર્વે જ સોના-ચાંદીના ભાવો સળગતાં ઝવેરીઓ પણ સ્તબ્ધ બન્યા છે. છેલ્લા કેટલાંક દિવસો દરમ્યાન ભાવો નીચા આવ્યા હતા અને નીચાભાવથી ખરીદીને જોર મળવાનો વેપારીઓનો મત હતો પરંતુ છેલ્લા બે-ત્રણ દિવસથી વલણ બદલાયુ હોય તેમ ભાવ વધવા લાગ્યા છે. સોનાના ભાવમાં એક જ દિવસમાં દસ ગ્રામે રૂા.૧૦૦૦નો ભાવવધારો થયો છે. આજે ભાવ ૫૨૫૦૦ થયો હતો. વિશ્વબજારમાં જોરદાર તેજી થઈ હતી અને ભાવ ૧૭૦૦ ડોલરને વટાવીને ૧૭૦૭ ડોલર થયો હતો. ચાંદીમાં પ્રતિકિલો રૂા.૪૦૦૦નો ઉછાળો નોંધાયો હતો અને ભાવ ૬૩૦૦૦ થયો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૨૦.૯૮ ડોલર થઈ હતી. કોમોડીટી એકસચેંજમાં સોનુ ૮૩૫ના ઉછાળાથી ૫૧૦૦૦ થયુ હતું. ચાંદીના ૬૧૬૦૦ હતા.

## વાવોલના શ્રીજી હોમ્સમાં ગરબાંની રમઝટ



જગતજનની આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાના પાવન પર્વ નવરાત્રીનો રંગ ચરમસીમાએ જામ્યો છે. કોરોના મહામારીના કારણે નડેલા લાંબા અંતરાય પછી શહેરના ગરબા પ્રેમીઓ આ વર્ષે શેરી ગરબામાં ફરીથી રાસ ગરબાની રમઝટ મચાવી રહયા છે. શહેરના વાવોલ વિસ્તારમાં શ્રીજી હોમ્સ વસાહતમાં ઉત્સાહપૂર્વક નવરાત્રીની ઉજવણી કરવામાં આવી રહી છે.

## સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર ખાતે Industry-Institute Meetનું આયોજન



ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળના મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે Industry-Institute Meet નું આયોજન કરેલ હતું. જેમાં ગુજરાત રાજ્યની વિવિધ પ્રોફેશનલ બોડી જેવીકે આઈઆઈએફ અમદાવાદ ચેપ્ટર, આઈઆઈએમ બરોડા ચેપ્ટર, એએસએમ ગુજરાત ચેપ્ટર, ડૉ. ગૌતમ ઉપાધ્યાય, ચેરમેન, બીઓએસ, મેટલર્જી, જીટીયુ, ડો. વિશ્વેશ બધેકા (હેડ, મીકેનિકલ ડીપાર્ટમેન્ટ પીડીઈયુ ગાંધીનગર) અને ઈન્ડસ્ટ્રીજ જેવી કે એલ એન્ડ ટી ચીયોડા લી., ભગવતી પ્રાઈ.લિ., યુનિટેક મેટાલીયુજીકલ સર્વીસીસ, ટીડીસી એલોયક, ગલ્ફ એનડીઈ સર્વિસીસ લિ., કીપશેક ઈન્ડ્ર., દેવશ્રી એલ્યુમીનીયમ પ્રા.લિ., હોનેસ્ટ મેટલ કાસ્ટ, થર્મોટ્રોનિકસ પ્રા.લિ., સિધ્ધી એન્જીનીયરીંગ પ્રા.લિ., ઈએસએબી ઈન્ડિયા પ્રા.લિ. તથા એન.કે.વેકયુમ હીટ ટ્રીટમેન્ટના પ્રતીનીધીઓ આ મીટમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યકમ નું આયોજન, ડૉ. સ્વેતા. પી. દવે આચાર્ય સરકારી ઈજનેરી કોલેજગાંધીનગર, ડૉ. આઈ. બી. દવે મેટલર્જી વિભાગના વડાના સયુક્ત માર્ગદર્શન હેઠળ મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો ડૉ. પી. કે. નાનાવટી અને ડૉ. મીનલ દાણીએ પ્લેસમેન્ટ કોઓર્ડીનેટર કર્યું હતું, જેનો મુખ્ય હેતુ ઈન્ડસ્ટ્રી અને પ્રોફેશનલ બોડીને જીટીયુ અમદાવાદના એઆઈસીટીઈ મોડેલ અભ્યાસક્રમથી માહિતિગાર કરવાનો અને વિદ્યાર્થીઓને અંતિમ સેમેસ્ટરમાં ઈન્ટર્નશીપ વીથ સ્ટીપેન્ડનું આયોજન કરવાનો હતો. ઉપરોક્ત મિટિંગમાં વિદ્યાર્થીઓ ના મેટલર્જી અભ્યાસક્રમ પ્રત્યે ઘટતી રુચિ માટે કયા પગલાં લઈ શકાય એ બાબતે વિસ્તૃત ચર્ચા થયી હતી. ડો. પી. એન ભગવતીએ હાજર રહી પોતાના બહોળા અનુભવનો લાભ વિધ્યાર્થીઓ સુધી પહોચે તે માટે મંતવ્યો કહ્યા હતા. ઈન્ટર્નશિપ વિથ સ્ટાઈપેન્ડનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ સાથે કારકિર્દી સંશોધન, નેટવર્કિંગ, નેતૃત્વ અને કૌશલ્ય વિકાસ, કામના વાતાવરણ માટે લાગણી મેળવવી, વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવો અનેકાર્યસ્થળનું અવલોકન છે. ઈન્ટર્નશિપ વિથ સ્ટાઈપેન્ડ, ઈન્ટર્ન અને એમ્પ્લોયર વચ્ચે બોન્ડ બનાવશે જે એમ્પ્લોયરની અપેક્ષાઓ ચોક્કસપણે પૂરી કરશે.

## ધારાસભ્ય શંભુજી ઠાકોરે શ્યામજી કૃષ્ણ વર્માના તૈલચિત્રને ભાવાજંલિ અર્પણ કરી

ગાંધીનગર, તા.૪



ધારાસભ્ય શંભુજી ઠાકોરે ભારતના ક્રાંતિ સંગ્રામના ક્રાંતિવીર અને ગુજરાતના સપૂત પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૫મી જન્મતિથીએ વિધાનસભા પોડિયમમાં તેમના તૈલચિત્ર સમક્ષ ભાવસભર અંજલિ અર્પણ કરી હતી. પંડિત શ્યામજી કૃષ્ણ વર્માએ વિદેશની ધરતી પર રહીને ભારત માતાની સ્વતંત્રતા માટેની લડતમાં આગવું પ્રદાન કર્યુ હતું. તેમણે સ્થાપેલા ઈન્ડીયા હાઉસમાં વીર સાવરકર સહિત અનેક ક્રાંતિવીરોએ આશ્રય લઈને મા ભારતીના મુક્તિ સંગ્રામની પીઠીકા રચી હતી. ધારાસભ્ય શંભુજી ઠાકોરે ભારત માતાના સપૂત અને કચ્છની ધરાના પનોતા પુત્ર પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને તેમની જન્મતિથી ભાવાંજલિ અર્પણ કરી તે અવસરે વિધાનસભા સચિવાલયના સચિવ ડી. એમ. પટેલ સહીત અધિકારીઓ, કર્મચારીઓ, અગ્રણીઓએ પણ પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને અંજલિ અર્પણ કરી હતી.

## પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં પોક્સો વિષય અંતર્ગત કાનુની શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૪

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ચાલતા સીડબલ્યુડીસી અને કાનુની સેવા સત્તામંડળના સંયુકત ઉપક્મે કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના બાદ મુખ્ય વક્તા પેરાલીગલ એડવાઈઝર સુધીર દેસાઈનું સ્વાગત અને પરિચય ડો.એમ.એમ.ચૌધરીએ આપ્યું હતું. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પોક્સો અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે ત્યારે સુધીરભાઈ દેસાઈએ ગુડ ટચ, બેડ ટચની સાથેસાથે બાળકોને કઈ રીતે સેક્સ્યુઅલ હેરેસમેન્ટથી બચાવી શકાય તે અંગેની માહિતી ઉદાહરણ અને આંકડા સહિત સમજાવી હતી. સાથેસાથે ગુના માટે સજાની જોગવાઈ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સ્ટાફ અને વિદ્યાર્થીનીઓએ આ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન અને સંકલન તેમજ આભાર દર્શન કન્વીનર ડો.લીના સ્વાદીયા અને ડો.હેમાંગીની વાઘેલાએ કર્યું હતું.



શિવશક્તિ મંદિર સેક્ટર ૩ ન્યૂ ખાતે દુર્ગાષ્ટમી હવન યોજાયો હતો. જેમાં કોર્પોરેટરો રાજુભાઈ પટેલ ,ડૉ સંકેતભાઈ પંચાસરા, અલ્પાબેન પટેલ, કૌશિકભાઈ પટેલ હાજર રહી આહુતિ તેમજ આરતીનો લાભ લીધો હતો. સેક્ટરના વસાહતી ભાઈબહેનો મોટી સંખ્યામાં હાજર રહી હવનના દર્શન લાભ લીધો હતો.



લાયન્સ્ ક્લબ ગાધીનગર દ્વારા નવરાત્રી પર્વ નિમિતે માતાજીની પુજા અર્ચના અને આરતી કરવામાં આવી હતી. આ પ્રસગે ગાધીનગર શહેર પ્રમુખ રુચિરભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા અને મોટી સંખ્યામાં ક્લબના સભ્યો સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સની વર્ષગાંઠ ઉજવાશે

ગાંધીનગર, તા.૪

ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સ ગાંધીનગરે તેના ૧૪ માં સ્થાપના દિનની ઉજવણી શાનદાર રીતે પૂનમની રઢીયાળી રાતમાં ગીતોની રમઝટ સાથે સ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમાં ઓડિશન પણ લેવામાં આવશે. અને પહેલો, બીજો, ત્રીજો નંબર આવશે તેમને પુરષ્કાર પણ આપવામાં આવશે. સર્ટીફિકેટ પણ આપવામાં આવશે. સાથે-સાથે શાનદાર એવોર્ડ પણ આપવામાં આવશે. માટે તેની લીંક મોકલેલ છે. અને વિગતો લીંકમાં અને ફોર્મમાં સાથે છે. તો સૌ એ ઓનલાઈન ફોર્મ પણ ભરી શકાશે. ફોર્મ ઓફલાઈન પણ ભરી શકાશે. જે માટેની હાર્દિક અપીલ નિમેષ ચૌહાણ તરફથી કરવામાં આવે છે.

## શ્રી રંગ આઈકોનમાં આઠમની મહા આરતી



નવરાત્રીમાં અષ્ટમીની રાતે ગરબા દરમ્યાન મહાઆરતીનું મહત્વ જોવા મળે છે. શહેરના સરગાસણ ચાર રસ્તા નજીક હડમતીયા ખાતેની શ્રી રંગ આઈકોન સોસાયટીમાં આઠમની મહા આરતી કરવામાં આવી હતી જેમાં સોસાયટીના રહીશોએ સંખ્યાબંધ દિવડાઓથી સાથિયાની આકૃતિ બનાવી હતી.

## જન્મદિને વધામણી



શિવશંકર દવે
લેખક, નિવૃત્ત નાયબ સચિવ
મો. ૯૪૨૭૬ ૦૦૩૧૬



દેવયાનીબેન એસ પટેલ



નિકુંજ મિસ્ત્રી
મો. ૮૯૮૦૮ ૯૬૨૧૪



હિત કડિયા



ભાવેશ પટેલ



બિંદુ ગોવિંદભાઈ રાવળ
મો. ૭૦૪૬૮ ૯૯૭૦૨



ડાભી રુદ્રસિંહ યોગેન્દ્રસિંહ
મો. ૯૭૨૬૮ ૦૭૩૧૬




મૌર્ય અમન અશોકકુમાર



પેરીન ભાવેશભાઈ પટેલ



સંજય મંગલભાઈ સોલંકી



હેતલ મોહનભાઈ સોલંકી